**નામદાર શ્રી ૨૩માં એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની**
**કોર્ટ નં.૧૧ માં, મુકામ : અમદાવાદ શહેર.**
**ફોજદારી કેસ નંબર :–૪૬૩૯૪/૨૦૨૦**

**આંક :–**

**ફરીયાદી :** શ્રી ગુજરાત સરકાર,

**વિરુધ્ધ.**

**આરોપી :**
(૧) આરીફ શાબીરભાઈ શેખ,

(૨) મહમંદજાવેદ સલીમભાઈ બાંધણીવાલા,

(૩) રાજેશ ઉર્ફે રાજુ મહેશભાઈ દરબાભાઈ રાઠોડ,

(૪) વિકકી જશુભાઈ જાડેજા,

(૫) મહમંદફૈઝાન ઉર્ફે મૌલાના મહમંદહનીફ મેમણ,

(૬) મહમંદઅલ્તાફ અજીજભાઈ મંસુરી,

(૭) અજયસિંગ ઉર્ફે સન્ની સ./ઓ.
ગોવિંદસિંગ બરનાલા,

**ચાર્જ :– ઈ.પી.કોડની કલમ –૩૯૯, ૪૨૦, ૧૨૦(બી) તથા આર્મ્સ એકટ ૨૫(૧–બી)એ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ.**

## કમીટલ હુકમ

(૧) આ કામમાં ડી.સી.બી. પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં ૧૧૧૯૧૦૧૧૨૦૦૦૭૬/૨૦૨૦, તારીખ:૧૭–૦૭–૨૦૨૦ અન્વયે ફરીયાદ પક્ષે આ કામના આરોપીઓ વિરુધ્ધ અત્રેની અદાલતમાં ઈ.પી.કોડની કલમ –૩૯૯, ૪૨૦, ૧૨૦(બી) તથા આર્મ્સ એકટ ૨૫(૧–બી)એ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે, જે આરોપીઓ સામેના

ગુનાનું તહોમત જોતાં આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સતા નામદાર શ્રી સેસન્સ અદાલતને રહેલી છે. અત્રેની અદાલતને સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સતા ન હોઈ સદરહુ કેસ નામદાર સીટી સીવીલ એન્ડ સેસન્સ અદાલત, ભદ્ર, અમદાવાદ તરફ કમીટ કરવા માટેના વ્યાજબી અને પુરતા કારણો છે.

(૨) વધુમાં આ કામનાં આરોપી નં.૧, ૩, ૪ તથા ૭ નાંઓ જામીન મુકત થઈ ગયા બાદ કોર્ટ સમક્ષ હાજર રહેતા નથી. આરોપીઓ સદરહુ કેસ નામદાર સેસન્સ કોર્ટમાં કમીટ કરવાની કાર્યવાહી દરમ્યાન ગેરહાજર રહેતા હોઈ, વારંવાર અત્રેની કોર્ટથી તેઓની સામે સમન્સ/પકડ વોરંટ કાઢવામાં આવેલ છે પરંતુ સદર વોરંટની આરોપીઓને એક યા બીજા કારણોસર બજવણી થઈ શકેલ નથી. જયારે આ કામનાં આરોપી નં.૨,૫, ૬ નાંઓ અત્રેની કોર્ટમાં નીયમીત હાજર રહેલ છે.

(૩) સદર કામનાં અન્ય આરોપીઓની ગેરહાજરીના કારણે સદર કેસ સને ૨૦૧૬ થી નામ.સેસન્સ કોર્ટ, અમદાવાદનાઓને ક્રિપો.કોડની કલમ ૨૦૯ અન્વયે કમીટ થવા પર પેન્ડીગ રહેલ છે. આ સંજોગોમાં ગગન ઠાકુર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઝારખંડ અને બીજાઓ,૨૦૦૪ ક્રિ.લો.જર્નલ પેઈઝ નં ૧૯૧૦ના ચુકાદામાં ના. ઝારખંડ હાઈકોર્ટનાએ પ્રતિપાદીત કરેલ સિંધ્ધાત ધ્યાને લેતા, આરોપીઓની ગેરહાજરીમાં પણ નામ.સેસન્સ કોર્ટને કેસ કમીટ કરી શકાય છે જેમા નામ. ઝારખંડ હાઈકોર્ટે ઠરાવેલ છે કે,

(8) If all the accused are absconding, the committing Magistrate can record the evidence in their absence under Section 299, Cr.P.C., but if one accused has been committed, then the evidence against him will be recorded by the competent trial Court at the same time against the remaining absconding accused, otherwise the same set of witnessess has to appear at two forums to their

harassment, and has to appear again if not covered by provisions of Section 299, CR.P.C.

(9) Absconding accused cannot be given premium to frustrate the justice or to misuse the process of law by treating them at par with those accused who have shown respect for legal processes and have appeared and have not evaded their arrest.

(10) It has already been stated above that in the event of commitment of one accused, the other absconding accused can use the prosecution papers during trial, so the only care to be taken is that at the time of facing, trial, whenever do they appear, the prosecution papers are made available to them and this can be done by attaching these papers with the record sent to the session court for their being supplied as and when the absconders do appear.

(11) The Karnataka and Orissa judgement do give practical suggestion of splitting up the cases, though not envisaged in Section 209. This suggestion does not take into account the ill-effect of the solution; therefore, i humbly differ with these decisions. The Apex Court in case of State of Kerala v. Mathai Verghese,reported in AIR 1987 SC 33, held as follows:-

" A Court an make a purposeful interpretation so as to effectuate the intention of the legislature and not a purposeless one in order to defeat the intention of the legislators wholly or in part"

The main concern should be that the statutory object of a particular section is not defeated and no prejudice is caused to accused. If no prejudice can be traced, then rigid compliance of a provisions is mere empty formality and may be ignored.

(12) The Full Bench of Patna High Court reported in 1985 Cr LJ 1238 (Pat), was discussing the provision of Section 319, CR.P.C. and found that the accused who were suspended on evidence could be summoned and sessions Court took congizance, but the Full Bench relied upon a decision rendered in the case of Joginder Singh v. State of Punjab,reported in 1979 CR.LJ 33, and quoted as under

" It will be noticed that both under Section 193 and Section 209, the commitment is of the case and not of the accused"

Thus, It is case which is committed and not the accused. Once the case has been committed, the absconding accused have to appear or brought before the sessions Court and the Sessions Judge is competent to remand him. The learned session Court should have proceeded against such accused as per the provisions for sessions trial,he erred in remanding back the case to cmmitting Court and thus delayed the trial.

(૪) આમ, ઉપરોકત ચુકાદામાં નામ. ઝારખંડ હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો આરોપીઓની ગેરહાજરીના કારણે કેસ કમીટ થવામાં વિલંબ થવાથી કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ થાય છે અને કોર્ટે આરોપી

વિરુધ્ધનો કેસ કમીટ કરવાનો હોય છે આરોપીને કમીટ કરવાનો હોતો નથી. તે સિધ્ધાંતને ધ્યાને લેતા, આ કેસમાં આરોપીઓ વિરુધ્ધ જે તહોમત મુકવામાં આવેલ છે તે તહોમત સંબંધે ક્રિમીનલ પ્રોસીજર કોડની જોગવાઈ જોતાં સદર ગુના સંબંધેની ઈન્સાફી કાર્યવાહી સેસન્સ અદાલત ધ્વારા થવાને પાત્ર છે. આ સંજોગોમાં સદર કેસ ઈન્સાફી કાર્યવાહી સારું નામ. સીટી સીવીલ એન્ડ સેસન્સ અદાલત, ભદ્ર, અમદાવાદ તરફ કમીટ કરી મોકલવા પાત્ર હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) સદર કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ મુજબ ઈન્સાફી કાર્યવાહી કરવા સારું નામ. સીટી સીવીલ એન્ડ સેસન્સ અદાલત, અમદાવાદને મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કેસ કમીટ કર્યા સંબંધે એ.પી.પી.શ્રીને જાણ કરવી. સદર કેસનું ચાર્જશીટ અન્ય, પેપર્સ, તેમજ મુદામાલ અંગેની યાદી તૈયાર કરી નામ. સીટી સીવીલ એન્ડ સેસન્સ અદાલત, અમદાવાદને તારીખ ૧૫–૦૫–૨૦૨૫ પહેલાં મોકલી આપવો.

(૩) સદર કામના આરોપી નં.૨,૫ તથા ૬ નાંઓને મુદત તા.૧૫/૦૫/૨૦૨૫ નાં રોજ નામ.સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ, ભદ્ર ખાતે હાજર રહેવા સમજ કરેલ છે.

હુકમ આજ રોજ તારીખ–૦૧ , માહે–એપ્રિલ, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

**તારીખ:–૦૧/૦૪/૨૦૨૫.**
**મુકામ :–અમદાવાદ.**

**(એમ.વી.ચૌહાણ)**
**Uniq Id GJ-01015**
**૨૩માં એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧૧, અમદાવાદ શહેર.**